ગાંધીનગર સમાચાર

# આવતીકાલે મહાસંગ્રામનું બ્યુગલ ફુંકાશે

## કોંગ્રેસ છેલ્લા બે દિવસથી દાવોદારોને ઝીણવટપૂર્વક સાંભળે છે અને હજુ બે દિવસ સાંભળી વોર્ડ વાઈઝ પેનલ બનાવશે

**મહાનગરનો મહાસંગ્રામ - સંજય દૃષ્ટિ**

હવે માત્ર ૨૪ જ કલાક બાકી છે. ચૂંટણી પ્રક્રિયાઓનો આરંભ થશે. સોમવારે મહાનગરના મહાસંગ્રામનું બ્યુગલ ફુંકાશે. બંને પક્ષોમાં સંભવિત ઉમેદવારોની યાદી રાજાની કુંવરીની જેમ દિવસે ન વધે તેટલી રાત્રે વધે છે અને રાત્રે ન વધે તેટલી રાત્રે વધે છે. અર્થાત્ વધતી જ જાય છે. પ્રયત્ન કરવામાં ખોટું નથી એમ માનનારા કાર્યકરો વગ વાપરી, વજન વાપરી પોતાના નામ અંકે કરાવવાની દોડધામ કરી રહ્યા છે. બંને પક્ષો એક નથી. જુથબંધી પારાવાર છે. પક્ષની ટિકિટની લાલચમાં ક્યાંક શિસ્ત ના ભયથી અત્યારે તો બધા એક હોવાનો દેખાવ કરી રહ્યા છે પણ અંદર કંઈક જુદું ચાલે છે. ભાજપમાં ભાજપને હરાવવા માટે એક જુથ તૈયારી કરતું હોય એવા શબ્દો ઝીલાય છે. એવું જ કોંગ્રેસમાં છે. આમ બંને પક્ષો એક સામાન્ય ભેદ રેખા આંખે ઉડીને વળગે છે અને એ છે કે ૨૦૧૭ની વિધાનસભાની ટિકિટ. મહાનગરપાલિકાની ચૂંટણી ભલે બહારથી પક્ષો વચ્ચેની હોય એમ દેખાય છે. પરંતુ અનુભવે એમ લાગે છે કે ૨૦૧૭ની ટિકિટ માટે અને ધારાસભ્ય પદ માટેની લડાઈ છે. કોણ કોને હંફાવે ? પક્ષમાં પોતાના જુથનો કક્કો સાચો ઠરે એના માટે બંને પક્ષોના બંને જુથો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે.

શુક્રવાર અને શનિવાર એમ બંને દિવસો કોંગ્રેસના દાવેદારોને સાંભળવાની પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે યોજાઈ. કલ્પના બહારના દાવેદારો કોંગ્રેસના નિરીક્ષકોએ સાંભળ્યા. કોંગ્રેસ વરિષ્ઠ આગેવાન હિંમતસિંહના નેતૃત્ત્વમાં રચાયેલી સમિતિએ વોર્ડ વાઈઝ ઉમેદવારોને ઝીણવટથી સાંભળ્યા અને પોતાનો ક્યાસ લગાવ્યો છે. હજુ એકાદ બે દિવસ આ પ્રક્રિયા ચાલશે. ત્યારબાદ દરેક વોર્ડની આઠ-આઠ ઉમેદવારોની પેનલ તૈયાર કરાશે. એક - એક બેઠકો માટે બબ્બે ઉમેદવારોના વિકલ્પો રખાશે. પ્રદેશ મોવડી મંડળ આખરી મોર મારે ત્યારબાદ ૮મીએ સાંજે અથવા રાત્રે ઉમેદવારોની સત્તાવાર જાહેરાત કરાશે. આ સિવાય જે કંઈ નામો ઉછરે કે ઉડાડાય તે માત્ર ને માત્ર પડીકા જ હોય. અફવા બજાર ગરમ રહેશે.

બીજી તરફ ભાજપ પ્રદેશ દ્વારા નિમાયેલ ચૂંટણી સંકલન સમિતિ દ્વારા શનિવારે સાંજથી સંભવિત ઉમેદવારોને સાંભળવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. વોર્ડ નં. ૭ના ઉમેદવારોને પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી આઈ. કે. જાડેજાના નેતૃત્ત્વમાં રચાયેલી સમિતિ દ્વારા પ્રક્રિયા આરંભાઈ છે. વોર્ડ નં. ૭માં દાવેદારો ઢગલાબંધ છે અને બંને સામાન્ય બેઠકો હોવાથી દાવેદારોમાં ભારે ખેંચતાણ છે. આગામી દિવસોમાં દરેક વોર્ડના સંભવિત ઉમેદવારોને રજૂઆતની પ્રક્રિયા વોર્ડના ક્રમ અને અનુકૂળતા પ્રમાણે યોજાશે. જોકે, ભાજપમાં પ્રક્રિયા એક દિવસ મોડી આરંભાઈ છે છતાં ઝડપથી પૂરી થશે તેવો દાવો પદાધિકારીઓનો છે. ભાજપમાં પણ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ ૮મીએ મંજૂરીની મહોર મારશે.

કોંગ્રેસની જેમ ભાજપમાં પણ દરેક વોર્ડ વાઈઝ પેનલો બનશે અને પ્રદેશ નેતાગીરી એને આખરી યાદી બનાવશે. કોણ કપાશે અને કોણ લડાવાશે, એની ધારણાઓ - ચર્ચાઓ અને શરતોથી આગામી પાંચ દિવસ રસપ્રદ બની રહેશે.

લોકવિકાસ મંચ પણ ચૂંટણીની તૈયારીઓ જોરશોરથી કરે છે. લોકવિકાસ મંચના વર્તૂળોમાંથી જાણવા મુજબ આઠે - આઠ વોર્ડના ઉમેદવારો લગભગ નિશ્ચિત થઈ ગયા છે. ઉમેદવારોની જાહેરાત સૌથી પહેલી લોકવિકાસ મંચ દ્વારા થશે અને સૌથી પહેલા ઉમેદવારીપત્રો પણ લોકવિકાસ મંચના ઉમેદવારો ભરશે. એકાદ - બે દિવસમાં ઉમેદવારોની જાહેરાત સત્તાવાર રીતે થાય એમ લાગે છે. કોણ - કોને જીતાડવામાં કે કોણ - કોને હરાવવામાં નિમિત્ત બનશે એ તો સમય જ બતાવશે.

આમ આદમી પાર્ટી, રાષ્ટ્રીય કોંગ્રેસ અને જનતાંત્રિક જેવા પક્ષો પણ ઉમેદવારો લડાવશે એવી જાહેરાત કરી ચૂક્યા છે. આવનારા દિવસો સમાચારોથી છલકાશે, ચર્ચાઓથી રસપ્રદ બનશે અને શહેરના વિકાસની વાતો સાંભળવાનો લાભ મળશે.

## ભાજપમાં વોર્ડ નં. ૭ના દાવેદારોની રજૂઆતો સાંભળી પસંદગી પ્રક્રિયાનો આરંભ કર્યો : નિરીક્ષકો - પરીક્ષકો આગામી ત્રણેક દિવસમાં પેનલ બનાવી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડને સોંપશે

**હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ**




ના... સ્વાદમાં ફેર ન હોય... મધુરની જગ્યાએ અમુલ નામ જ બદલ્યું છે... ભેંસ તો એની એ જ છે...!!

## હવે ક્રિકેટ સટ્ટા પર શહેર પોલીસની ચાંપતી નજર

અમદાવાદ શહેર પોલીસની આઈસીસી ટ્વેન્ટી વર્લ્ડકપને લઈને સટ્ટાબેટિંગ ઉપર ચાપતી નજર કેન્દ્રિત થઈ ગઈ છે. આવતીકાલે વિન્ડિઝ અને ઈંગ્લેન્ડ વચ્ચે ટ્વેન્ટી વર્લ્ડકપની ફાઈનલ મેચ રમાનાર છે ત્યારે મોટાપાયે સટ્ટો રમાય તેવી શંકા દેખાઈ રહી છે. આવી સ્થિતિમાં સટોડિયાઓ ઉપર ચાંપતી નજર પોલીસે કેન્દ્રિત કરી દીધી છે. સટ્ટાના ભાવને લઈને પણ માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. બીજી બાજુ શહેર પોલીસે ગુરુવારના દિવસે જ નારોલમાં એકાએક દરોડો પાડીને ક્રિકેટ સટ્ટા મામલામાં પાંચની ધરપકડ કરી હતી.

### વૈષ્ણોદેવી સર્કલથી તપોવન જતા રીંગ રોડ પર

## ઝુંડાલ નજીક એસઓજીએ દરોડો પાડી મોટુ જુગારધામ પકડ્યુ

**અમદાવાદ-ભાવનગરના નબીરાઓ તથા બિઝનેસમેન ગાંધીનગર જુગાર રમવા આવતા હોવાનુ ખુલ્યુ : રોકડ ૧૦.૨૧ લાખ મળ્યા : ૧૬.૫૨ લાખના મુદ્દામાલ સાથે ૯ની ધરપકડ : એક વોન્ટેડ**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક વૈષ્ણોદેવી સર્કલથી તપોવન સર્કલ જતા રીંગ રોડ પર ઝુંડાલ ટોલટેક્ષ નજીક એરંડાના ખુલ્લા ખેતરમાં મોટુ જુગારધામ ચાલતુ હોવાની બાતમીને આધારે ગાંધીનગર એસઓજીની ટીમે દરોડો પાડી અમદાવાદ-ભાવનગરથી ગાંધીનગર મોટા પાયે જુગાર રમવા આવતા ૯ શખ્સોને ઝડપી પાડ્યા છે. જ્યારે એક ફરાર થઈ ગયો છે. જુગારના સ્થળેથી રૂ. ૧૦.૨૧ લાખ રોકડા મળી કુલ રૂ. ૧૬.૫૨ લાખનો મુદ્દામાલ મળી આવ્યો છે.એસઓજીની ટીમે મુદ્દામાલ જપ્ત કરી આરોપીઓની ધરપકડ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.

એસઓજી પી.આઈ. પી.બી. ચૌહાણની સુચનાથી પીએસઆઈ એમ.પી. ચૌહાણ, એએસઆઈ ગૌતમભાઈ પરમાર, હિંમતસિંહ, સિરાજખાન, જયંતિભાઈ, કોન્સ્ટેબલ ગજેન્દ્રસિંહ સહિતની ટીમે ચોક્કસ બાતમીને આધારે આજે બપોરે વૈષ્ણોદેવી સર્કલથી તપોવન રીંગરોડ પર ઝુંડાલ ટોલટેક્ષ નજીક એરંડાના ખુલ્લા ખેતરમાં દરોડો પાડી મોટુ જુગારધામ પકડી પાડ્યું હતુ. એસઓજીના દરોડાથી શકુનીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. જો કે પોલીસે કોર્ડન કરીને ૯ શકુનીઓને પકડી પાડ્યા હતા. જ્યારે એક ફરાર થઈ ગયો હતો. પકડાયેલા તમામ જુગારીઓ અમદાવાદ અને ભાવનગરથી જુગાર રમવા ગાંધીનગર આવતા હતા. શકુનીઓ સંગાથ કન્સ્ટ્રકશન સ્કીમ આગળથી પસાર થતા મઢીવાળા નાળીયાથી આગળ રણણભાઈ પટેલના એરંડાના ખુલ્લા ખેતરમાં બાજી માંડીને બેસતા હતા. એસઓજીની ટીમે રૂ. ૧૦,૨૧,૧૦૦ રોકડ, રૂ. ૧,૩૦,૦૦૦ની કિંમતના ૧૪ નંગ મોબાઈલ, ચટ્ટાઈ, પાણીનો જગ તથા રૂ. ૫ લાખની સ્વીફ્ટ ડિઝાયર મળી કુલ રૂ. ૧૬,૫૨,૧૫૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કોન્ટ્રાક્ટર, ટ્રાન્સપોર્ટસ તથા બિઝનેસમેન અને કેટલાક નબીરાઓ મળીને ૯ની ધરપકડ કરી લીધી છે. અડાલજ પોલીસમથકમાં ગુનો નોંધીને એસઓજી પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

### જુગારીઓ ખેતર આસપાસ વાહનો મુકતા ન હતા..!

પોલીસને જુગારના અડ્ડાનો ખ્યાલ ન આવી જાય તે માટે શકુનીઓ ખેતર પાસે પોતાના વાહનો લઈને આવતા ન હતા. વાહનોના ખડકલા થઈ જાય તો પોલીસને અંદાજ આવી જાય કે અહીં કાંઈ થઈ રહ્યું છે. તેથી રિક્ષામાં કે અન્ય મિત્રોને કહીને વાહનથી ખેતર સુધી ફેરી મરાવી વાહનો દૂર અન્ય સ્થળે મુકી દેવાતા હતા. હાલ પણ સ્થળ પરથી માત્ર એક જ કાર મળી આવી હતી.

### પકડાયેલા જુગારીઓના નામ

૧. જયદિપસિંહ વિક્રમસિંહ રાઓલ, રહે. વસ્ત્રાલ, અમદાવાદ
૨. સરફરાજ દાઉદભાઈ મનસુરી રહે. નીકોલ ગામ, અમદાવાદ
૩. પ્રવિણસિંહ નટવરસિંહ વાઘેલા રહે. ચાંદખેડા, અમદાવાદ
૪. સચિન દિલિપભાઈ પટેલ, રહે. નીકોલ ગામ, અમદાવાદ
૫. મુકેશ ઈશ્વરભાઈ દેસાઈ, રહે. ઠક્કરબાપાનગર, અમદાવાદ
૬. કાર્તિક હિંમતભાઈ ચૌહાણ રહે. ભાવનગર
૭. જગુભા પોપટસિંહ ઝાલા, રહે. મહેસાણા
૮. રોહિતકુમાર ખોડાજી ઠાકોર, રહે. નીકોલ ગામ, અમદાવાદ
૯. હિતેષ (રેંગી) વિનોદભાઈ પટેલ, ચાંદખેડા, અમદાવાદ
૧૦. રવિરાજસિંહ નાનભા ગોહિલ, રહે. ભાવનગર (વોન્ટેડ)

**ખૂણે ખાંચરેથી...**

● ગાંધીનગર મહાનગર પાલિકાની દ્વિતીય સામાન્ય ચૂંટણીને લઈ જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકરે આજે રાજકીય પક્ષો સાથે પરામર્શ બેઠક યોજી હતી.

● ગાંધીનગર કલેક્ટર ઓફિસમાં કુલરો બંધ હોવાથી ગરમીમાં ઠંડા પાણી માટે પણ મુલાકાતીઓને હેરામ થવુ પડે છે.

● ગાંધીનગર શહેરમાં જીવરાજ મહેતા ભવન (જુના સચિવાલય) સંકુલમાં આવેલ ઉપાહાર ગૃહનું રિનોવેશન પૂર્ણ થતાં ૪થી એપ્રિલે સત્યનારાયણ ભગવાનની કથા સાથે ઉપાહાર ગૃહનો આરંભ થશે.

● એક જ દિવસમાં દહેગામ અને ગાંધીનગર તાલુકાના લોક સંવાદના કાર્યક્રમો હોવાથી અધિકારીઓ દહેગામ-ગાંધીનગર વચ્ચે દોડતા રહ્યા હતા.

● ગાંધીનગર શહેરમાં આજે ગરમીનો પારો ઉંચકાતાં વાહન-વ્યવહારથી ધમધમતા માર્ગો સૂમસામ લાગતા હતા.

● રાષ્ટ્રીય અન્ન સુરક્ષા યોજનાનો વિધિવત્ પ્રારંભ આગામી સપ્તાહથી રાજ્યભરમાં થશે.

● આજે બપોરે ભાજપની નવી રચાયેલ પ્રદેશ કારોબારીની પ્રથમ બેઠક કોબા ખાતે શ્રી કમલમ્‌માં મળશે.

### સે-૭-ડી નિવૃત્ત અધિકારી મંડળની બેઠક મળશે

સેક્ટર-૭-ડી નિવૃત્ત અધિકારી મંડળ અને શહેરીજન સંસ્થાની કારોબારી સમિતિની સંયુક્ત બેઠક તા. ૩ એપ્રિલને રવિવારના રોજ સાંજે ૫ કલાકે ચૌધરી વિદ્યાલયના સંકુલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. બેઠકમાં સાંપ્રત બાબતો અને સમસ્યાઓ પરત્વે ચર્ચા વિચારણા કરવામાં આવશે.

## શહેરના વિજપોલ એડ માટે હોટ ફેવરીટ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરને રાત્રીના સમયે ઝળહળતુ રાખવા માટે તંત્ર દ્વારા લગાવવામાં આવેલા વિજપોલ અત્યારે હાલ એડ માટે નગરજનોમાં હોટ ફેવરીટ બન્યા છે. એક વીજપોલ પર પાંચ થી છ એડ લટકેલી દ્રશ્યમાન થાય છે. શહેરના હજ્જારો વિજપોલ પર તંત્રની મંજુરી વિના એડ લટકાવી તેમજ ચીપકાવી દેવામાં આવે છે. વિજપોલ પર સવિશેષ એડ ટયુશનની જોવા મળે છે. સરકારી તંત્રની મંજુરી વિના એડ લગાવનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર શહેર શિક્ષણ નગરી તરીકે ઉભરી આવ્યું છે. શહેરમાં મોટીસંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે આવે છે. નગરમાં અનેક યુનિવર્સીટીઓ તેમજ શાળા કોલેજોને પગલે ટયુશન કલાસીસનો રાફડો ફાટ્યો છે. આ ટયુશનીયા સંચાલકો દ્વારા પોતાની જાહેરાત ફ્રી માં થાય અને જાહેરાતના રુપીયા ના ચુકવવા પડે તે માટે વિજપોલને ટાર્ગેટ કરાયા છે. ગાંધીનગર શહેરના નિર્માણ સમયે નગરજનોને અંધકારનો સામનો ના કરવો પડે અને શહેર રાત્રીના સમયે પણ ઝળહળતુ રહે તે માટે સરકારી વિભાગ દ્વારા શહેરના માર્ગો તેમજ આંતરીક માર્ગ પર વિજપોલ લગાવામાં આવ્યા છે. પરંતુ શહેરના ૧૮૦૦૦ થી વધુ વિજપોલ પર અડધા સુધી ટયુશન કલાસ, સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો, પ્રિ સ્કુલ, સહિત વિવિધ વેપાર ધંધાની જાહેરાતો ટીંગાડવામાં આવી છે. આ જાહેરાતો તંત્રની મંજુરી લીધા વિના લગાવવામાં આવે છે. છતા તંત્ર દ્વારા કોઈ પગલા લેવાતા ના હોવાથી આ લોકોને મોકળુ મેદાન મળી ગયુ હોય તેવુ લાગી રહ્યું છે. શહેરના મુખ્ય માર્ગો તેમજ આંતરીક માર્ગ પર આવેલા વિજ પોલ અત્યારે લટકાવેલી અને ચીપકાવેલી એડથી ખદબદી રહ્યા છે. તો કેટલાક લોકોએ કોઈ પોતાની એડ નીકાળી ના જાય તેવા હેતું થી ખુબ ઉંચે લટકાવી હોય છે. શહેરના વિજપોલ પર લીગાડેલી જાહેરાતો તંત્ર દ્વારા ઝડપી દુર કરીને જાહેરાતો ટીંગાડનાર સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.




## મોબાઈલ અને ઘડિયાળ ચોરતી ત્રિપુટી ઝડપાઈ

ગાંધીનગર શહેર વિસ્તારમાં મોબાઈલો અને ઘડિયાળની ચોરીઓ કરતી ત્રિપુટીને ગાંધીનગર એલસીબીની ટીમે ઝડપી પાડી છે. પકડાયેલા ત્રણ શખ્સો પૈકી બે તો કિશોર વયના છે. ત્રણેયની બે ઘડિયાળ અને ત્રણ મોબાઈલ મળીને રૂ.૩૧ હજારની કિંમતનો મુદ્દામાલ સાથે પોલીસે ધરપકડ કરી ઉંડી પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી પીએસઆઈ વી.યુ. ગડરીયા તથા તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ઘ-૩ સર્કલ નજીક વીટકોસ બસ સ્ટેન્ડ પાસેથી બે કિશોર અને એક યુવાન આસીફ જાકીર મનસુરી (પ્લોટ નં. ૫૬૭/૧, સે-૭-બી)ને ઘડીયાળ વેચતા પકડયા હતા તેમની પાસે એક રોલેકસ અને એક કેશીયોની મળીને બે કાંડા ઘડિયાળ હતી. તે ઉપરાંત ત્રણ મોબાઈલ ફોન પણ હતાં. ૩૧ હજારનો મુદ્દામાલ ત્રણેય પાસે હતો પરંતુ એકેય ચિજવસ્તુનું બિલ ન હતું. ઉંડી પુછપરછ કરતાં આજથી અઢી મહીના પહેલા પથિકાશ્રમ પાસે સુતેલા એક લારીવાળા પાસેથી બે મોબાઈલ તેમણે ચોરી કર્યા હતા. ઘ-દોઢ પાસે સ્થિત ફ્રેન્ડ એન્ડ ટ્રેન્ડસ નામની કપડાની દુકાનમાંથી બે કાંડા ઘડિયાળોની ચોરી કરી હતી અને સે-૧૬ રંગમંચ ખાતેથી લગ્ન પ્રસંગમાં એપલ આઈફોન ચોરી કર્યો હોવાની કલુબાત કરી છે. ત્રણેયની ધરપકડ કરીને ૩૧ હજારનો ચોરીનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ શરુ કરવામાં આવી છે.

## ફરજ પાલનની સંનિષ્ઠ સેવા માટે પોલીસ અધિકારી-કર્મીઓને સન્માનિત કરાયા

**૨૦૧૨ થી ૨૦૧૫ના વર્ષમાં ૧૧૦ પોલીસ અધિકારી-કર્મીઓ, ૫ હોમગાર્ડ જવાન અને ૨ જેલ વિભાગના કર્મીઓનું મુખ્યમંત્રી-રાજયપાલના હસ્તે સન્માન**

ગાંધીનગર, તા. ૨

ગુજરાતના રાજયપાલશ્રી



ઓ.પી. કોહલીએ રાજયના પોલીસદળની ઈમેજની શ્રેષ્ઠતાની તથા નાગરીકો પ્રત્યેની સંવેદનશીલતાની પ્રસંશા કરી છે. રાજયપાલશ્રીએ ગુનેગારો પ્રત્યે કઠોરતા અને સામાન્ય નાગરીકો પ્રત્યે સંવેદનશીલતાનો સમન્વય કરીને પોલીસ જવાનો કર્તવ્ય પારાયણતા-રાષ્ટ્રભાવનાના દર્શન કરાવે છે તેમ પણ ઉમેર્યું હતું.

ગુજરાત પોલીસ દળના ૧૧૭ જેટલા કર્મીઓને કરાઈ ખાતે ચંદ્રકો રાજયપાલશ્રીએ મુખ્યમંત્રીશ્રીની સાથે એનાયત કર્યા હતા.

મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે ગુજરાત પોલીસના અધિકારી-કર્મીઓને રાષ્ટ્રપતિ ચંદ્રકો એનાયત કરતા આ સન્માન ફરજ નિષ્ઠા અને સમાજ સુરક્ષા દાયિત્વના સમર્પણનું સન્માન ગણાવ્યું છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે પોલીસની હાજરી માત્રથી ગુનેગારો-અસામાજીક તત્વો ગુનો કરતા અટકે તેવી છાપ આ ફરજ પરના પોલીસ દળની છે.

તેમણે દિવસ-રાત, ટાઢ-તડકો જોયા સિવાય સતત ફરજ પરના પોલીસ જવાનોની આ કાર્યદક્ષતામાં તેમના પરિવારજનોની હુંફ સહયોગ પણ પ્રસંશનીય છે તેમ ચંદ્રક મેળવનારા પોલીસ કર્મીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું.

તેમણે સાયબર ક્રાઈમ, ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી તથા પોલીસ દળના આગવા સોફટવેરથી સમય સાથે કદમ મિલાવતા પોલીસ દળની સરાહના કરી હતી. રાજયના ગૃહ મંત્રી રજનીભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે રાજયમાં સને ૨૦૧૬ના વર્ષમાં અંદાજે ૧૭૦૦૦ જેટલી ભરતી પોલીસ દળમાં કરવામાં આવશે જેથી પલીસ દળ વધુ સશકત બનશે.

ગૃહવિભાગના અધિક મુખ્ય સચિવ પી.કે. તનેજાએ સ્વાગત પ્રવચન કરતા સૌને આવકારીને જણાવ્યું હતું કે આ પ્રસંગ પોલીસ વિભાગ માટે અનેરો પ્રસંગ છે અને આ સન્માન મેળવનાર મેડલ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે રાજયના મુખ્ય સચિવ જી.આર. અલોરીયા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આભારવિધિ કરતા રાજયના



પોલીસ વડા પી.સી. ઠાકુરે જણાવ્યું હતું કે પોલીસ અધિકારીઓ-જવાનો આ પ્રસંગે પ્રેરણા લઈને પોતાની નિષ્ઠાપુર્વક ફરજ બજાવશે અને મેડલ મેળવવા માટે સારી પ્રસંશનીય કામગીરી કરશે. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતા પી.આઈ. પી.સી. વલેરાને પણ એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતા.